# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10 -08-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી વંદે ભારત -:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કર્ણાટકના એક દિવસના પ્રવાસે જશે. શ્રી મોદી બેંગલુરુના કેએસઆર રેલ્વે સ્ટેશન પર ત્રણ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપશે. આમાં બેંગલુરુથી બેલગામ, અમૃતસરથી શ્રી માતા વૈષ્ણો દેવી કટરા અને નાગપુર (અજની) થી પુણે સુધીની ટ્રેનોનો સમાવેશ થાય છે.

આ પછી, પ્રધાનમંત્રી બેંગલુરુ મેટ્રોની યલો લાઇનને લીલી ઝંડી આપશે. શ્રી મોદી આર.વી. રોડ, રાગીગુડ્ડાથી ઇલેક્ટ્રોનિક સિટી મેટ્રો સ્ટેશન સુધી મેટ્રોમાં પણ સવારી કરશે. બેંગલુરુમાં શહેરી કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા પછી તેઓ એક જાહેર સભાને સંબોધિત પણ કરશે. આ દરમિયાન, શ્રી મોદી 15 હજાર છસો 10 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બેંગલુરુ મેટ્રો પ્રોજેક્ટના ત્રીજા તબક્કાનો શિલાન્યાસ કરશે. આ પ્રોજેક્ટની કુલ લંબાઈ 44 કિલોમીટરથી વધુ હશે અને તેમાં 31 એલિવેટેડ સ્ટેશન હશે.

**------------------------------------------------------------------------------------------**

## ઓપરેશન સિંદુર:

વાયુસેના વડા એર ચીફ માર્શલ એ.પી. સિંહે કહ્યું છે કે ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન પાંચ પાકિસ્તાની ફાઇટર જેટ તોડી પાડ્યા છે. ગઇકાલે બેંગલુરુમાં આયોજિત 16મા એર ચીફ માર્શલ એલ.એમ. કાત્રે વ્યાખ્યાનને સંબોધતા વાયુસેના વડાએ કહ્યું કે ભારતે પાકિસ્તાન વાયુસેનાના પાંચ વિમાન અને એક AWACS વિમાન તોડી પાડ્યું હતું. વિડીયો ફૂટેજ સાથે વિગતવાર વાત કરતા તેમણે કહ્યું કે તેમણે ઓછામાં ઓછા પાંચ ફાઇટર જેટ તોડી પાડવાની પુષ્ટિ કરી છે. તેમણે શાહબાઝ જેકોબાદ એરબેઝ પરના હુમલાનો પણ ઉલ્લેખ કર્યો.

---

## સંરક્ષણ નિકાસ:

ગયા વર્ષે ભારતની સંરક્ષણ નિકાસ રૂપિયા ૨૩ હજાર કરોડની હતી. આગામી બે-ત્રણ વર્ષમાં તે બમણી થવાની ધારણા છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ વિભાગના સચિવ અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ ડિફેન્સ ટેકનોલોજીના ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ ડૉ. સમીર કામતે ગઇકાલે પુણેમાં સંસ્થાના ૧૪મા દીક્ષાંત સમારોહ બાદ પત્રકારો સાથે વાત કરતા આ માહિતી આપી હતી.

---

## બિરસા મુંડા જન્મ જયંતી:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, દેશની સંસ્કૃતિ અને સ્વતંત્રતાના રક્ષણમાં સેંકડો વર્ષ સુધી આદિવાસીઓનું મહત્વનું યોગદાન રહ્યું છે. ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતી વર્ષના ઉપલક્ષ્યમાં સુરતના માંડવી ખાતે યોજાયેલા સમારોહમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યુ. આ પ્રસંગે તેમણે રાજ્યના 14 આદિજાતિ જિલ્લાઓમાં કુલ 480 કરોડના 2 હજાર 500 જેટલા વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યા હતા. આ ઉપરાંત આદિવાસી વિભાગના વિવિધ યોજનાઓના સવા કરોડ રૂપિયાના લાભ સહાયનું વિતરણ અને એક કરોડની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ એનાયત કરી હતી. સમારોહ દરમિયાન શ્રી પટેલે આદિજાતિ કલ્યાણ માટે સરકારની કામગીરીની વિગતો આપી.

---

## સિંહ દિવસ:

આજે સિંહ દિવસ છે. એશિયાઈ સિંહોના સંરક્ષણમાં ગુજરાત એક મહત્વપૂર્ણ સ્થળ તરીકે જાણીતું છે. પોરબંદર નજીક આવેલું બરડા વન્યજીવન અભયારણ્ય સિંહોના ઇકોલોજી અને વિકાસ તરફ પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાતમાં 2025 માં સિંહ ગણતરી કરવામાં આવી હતી જેમાં

જાણવા મળ્યું હતું કે રાજ્યમાં 891 સિંહ છે અને બરડા અભયારણ્ય સિંહોના સંરક્ષણમાં ગીર અભયારણ્ય કરતાં આગળ છે.

---

## પશુ દવાખાના :

કચ્છ પશુપાલન વિભાગ દ્વારા કચ્છમાં નવા 26 પશુ દવાખાના શરૂ કરવા માટે દરખાસ્ત કરી છે. જેમાં રાપર તાલુકામાં રવ મોટી, રામવાવ, દેશલપર, આડેસર, ઘેડી, વ્રજવાણી, મોમાયમારા અને લોદરાણીમાં પશુ દવાખાના શરૂ કરવાની દરખાસ્ત કરાઇ છે.

જ્યારે અબડાસાના જખૌ, વાયોર, બીટા, મોથાળા ડુમરા, રામપર, વાંકુ, સુથરી, વિંજાણ અને નરેડી માટે દરખાસ્ત કરાઈ છે. અંજાર તાલુકાના વરસામેડી, ટપર, માથક, મેંદીયાણા અને ભલોટમાં, જ્યારે લખપતમાં નારાયણ સરોવર તેમજ નખત્રાણાના દેસલપર અને વિથોણમાં નવા દવાખાના શરૂ કરવા માટેની દરખાસ્ત મોકલવામાં આવી છે.

---

## હવામાન:

કચ્છમાં છેલ્લા કેટલાક દિવસથી મેઘવિરામની સ્થિતિ જોવા મળી રહી છે. જો કે, હવામાન વિભાગે રાજ્યની સાથે કચ્છમાં આગામી સપ્તાહથી વરસાદી ગતિવિધિ ક્રમશ: વધે તેવો સાનુકૂળ વર્તારો આપ્યો છે. બંગાળની ખાડીમાં એક વરસાદી સિસ્ટમ સર્જાઇ રહી છે, તો અરબી સમુદ્ર પણ સક્રિય થવાના સંકેત મળી રહ્યા છે, જેના પ્રભાવ તળે 16મી ઓગસ્ટ બાદ વરસાદનું પ્રમાણ અને વિસ્તાર વધે તેવા સંકેત મળી રહ્યા છે. ઓગસ્ટના અંતિમ સપ્તાહમાં રાજ્યની સાથે કચ્છમાં પણ ભારે વરસાદ વરસે તેવી સંભાવના દેખાડવામાં આવી છે.

---